ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૭-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

હૃદયરથમાં રણછોડને સ્થાપીએ

વૈષ્ણવોમાં 'મનોરથ' શબ્દનું વિશેષ મહાત્મ્ય છે. આષાઢી બીજની શુભ સવારે ભગવાન જગન્નાથ એમના જ્યેષ્ઠબંધુ બલરામજી અને લાડકી બહેન સુભદ્રા સાથે જગન્નાથ પુરી તરીકે ઓળખાતી એ પૂર્વ ભારતની નગરીમાં નગરયાત્રાએ નીકળશે. 'ઉત્કલ' દેશ તરીકે સુપ્રસિદ્ધ આ મુલક ક્યારેક 'કલિંગ' તરીકે પણ ઓળખાતો. અંગ, બંગ અને કલિંગ- અર્થાત્ પૂર્વાંચલ-બિહાર, બંગાળ અને ઓડિશામાં મત્સ્યમાંસનો અભક્ષ્ય આહાર લેનારી પ્રજાને ભગવાન પારકી થોડી ગણી શકે? એવી દંતકથા છે નીલાચલ તરીકે ઓળખાતા પૂર્વના આ સમુદ્ર કિનારા પર ભગવાન જગન્નાથે સ્વયં પ્રગટ થઈ એ મેણું ભાંગ્યું હતું. પુરી એ આપણા આદિ શંકરાચાર્ય દ્વારા ચાર દિશાઓમાં સ્થપાયેલી એક ધર્મ પીઠ તરીકે પણ જાણીતું થયું. પરંતુ પુરીની રથયાત્રા બીજે ક્યાંય નહીંને અમદાવાદમાં પ્રતિબિંબિત થઈ એ આપણા મુલક પર રાજા રણછોડની કૃપા પ્રસાદીનું જ ફળ છે. અમદાવાદનું જગન્નાથી મંદિર એ આપણી આસ્થાની રાજધાની જેવું બની રહ્યું છે અને ઉત્તરાયણ કે નવરાત્રીની જેમ રથયાત્રા એ અમદાવાદની આગવી ઓળખ બની રહેલ છે. ભગવાન જગન્નાથ પુરીથી પધારીને ગુજરાતના અધિષ્ઠાતા દેવ બની ગયા છે. દ્વારિકાધીશ અને ડાકોરના રણછોડરાય જેટલો જ બલકે એથી થોડો અદકેરો મહિમા ધરાવતા જગન્નાથજી શરૂથી જ સમાજ સુધારકનો રોલ અદા કરતા રહ્યા છે. ભગવાન જ્યાં બિરાજે છે તે વિસ્તાર પછાત વર્ગની મજૂર વસતિ અને મુસલમાનોની બહુમતી ધરાવતો વિસ્તાર છે. ભગવાનને મન નથી કોઈ વહાલું કે નથી કોઈ દવલું. એવા ભેદભાવ કરે તો એ ભગવાન શાના? ભગવાનને અહીં રાજકુંવર જેવાં લાડ લડાવાય છે. એ મોસાળે જાય, જાંબુ ખાય, એમને આંખો આવે! નગરના રાજા હોઈ એ નગરયાત્રાએ નીકળે છે, પ્રજાજનોનાં મુખ્ય દુઃખમાં સહભાગી થવા. આજે વર્ષોથી ચાલી આવતી રથયાત્રાની પરંપરા ગુજરાતના લોકજીવનનો એક અવિભાજ્ય અંશ બની ચૂકી છે. ઠેર ઠેર રથોનું અને મંદિરના મહંતનું સ્વાગત થાય છે. એમાં મુસલમાન ભાઈઓ પણ હોંશે હોંશે સામેલ થાય છે. ભગવાનનું મોસાળું ભરાય છે, વિશ્રામ પછી રથયાત્રા આગળ વધે છે. અસામાજિક તત્વો અને તોફાનો કરાવી રાજકીય રોટલો શેકવા માગતા કનિષ્ઠ રાજકારણીઓએ રથયાત્રા જેવા પાવનકારી પર્વને અભડાવવાના પ્રયાસો પણ અનેકવાર કરેલા છે. પરંતુ શાણા ગુજરાતીઓ જાત અનુભવે સમજી શક્યા છે કે આવાં કોમી હુલ્લડો કોઈ ધર્મપ્રેમી વ્યક્તિને છાજે નહીં. જગન્નાથ મંદિર તો સર્વધર્મ સમભાવનું પ્રશિક્ષણ કેન્દ્ર બલકે 'સદ્‌ભાવની યુનિવર્સિટી' બની રહેલ છે. ખલાસી કોમના અદના યુવાનોથી લઈ ગુજરાતના મુખ્યમંત્રી ભગવાનનો રથ ખેંચે છે. આ એક અદ્‌ભુત સામુદાયિક સમભાવ અને મમભાવની સંકલ્પના છે જેના કેન્દ્રમાં પેલો ગોકુળનો 'માખણચોર' છે! 'મંદિરમાં કોણ છે?- રાજા રણછોડ છે'- ના સૂત્રોચ્ચારથી આખું આકાશ ગાજી ઊઠે છે અને આષાઢી બીજ ઊગે તે પહેલાં તો ભગવાન હેમખેમ નગરયાત્રા કરી નિજમંદિરે પરત ફરે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ભગવાન જગન્નાથને પણ ભારે સુરક્ષા પહેરા વચ્ચે નગરયાત્રાએ નીકળવું પડે છે, તે ખરેખર ગુજરાત જેવા શાંતિપ્રિય પ્રદેશ માટે શરમજનક બાબત જ ગણાય. ભગવાન પણ આઝાદી પૂર્વક ન ફરી શકે તે કેવી વિડંબના છે! હવે તો નાનાં નગરોમાં પણ રથયાત્રા નીકળતી થઈ છે. રાજધાની ગાંધીનગરની રથયાત્રાનો એક આગવો મિજાજ રહે છે. ભગવાન જગન્નાથ, બલરામજી અને બહેન સુભદ્રાજીના સૌ નગરજનો પર શુભમંગલ આશીર્વાદ ઊતરો!

- જય રણછોડ!

રાજ્યમાં તબીબી વિદ્યાશાખામાં ૮૦૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે

ઓગસ્ટનાં પ્રથમ સપ્તાહમાં મેડીકલનું પ્રથમ મેરીટ લીસ્ટ જાહેર કરાશે : મેરિટને લઈને વિદ્યાર્થીઓમાં આતુરતા

અમદાવાદ, તા.૦૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અત્યારે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં આગામી ૨૧ જુલાઈ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલશે ત્યારબાદ ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં મેડીકલનું પ્રથમ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે જેને લઈ વિદ્યાર્થીઓમાં ભારે આતુરતા જોવા મળી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી બાદ જેની વિદ્યાર્થીઓ અને વાલીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રથમ મેરીટ યાદી ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની ૮૦૦૦ મેડીકલ સીટો માટે અત્યારે પ્રવેશ ફોર્મ વિતરણ અને સ્વીકારવાની કાર્યવાહી ચાલી રહી છે. વિદ્યાર્થીઓ ૧૯ જુલાઈ સુધી એક્સિસ બેંકની શાખાઓમાંથી પ્રવેશ ફોર્મ મેળવી શકશે. અન ૨૧ જુલાઈ સુધી બી.જે. મેડીકલ કોલેજ અને મેડીકલ પ્રવેશ સમિતિમાં જમા કરાવી શકશે ત્યારબાદ ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં મેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રતમ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ નીટ કે ગુજકેટની પરીક્ષાના આધારે આપવો તે અંગે વિવાદ સર્જાતા મેડીકલની પ્રવેશ પ્રક્રિયા સામાન્ય કરતા એક મહીના જેટલી મોડી ચાલુ થઈ છે. જેમાં આ વર્ષે સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ ગુજકેટની પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

સાહેબ, આમાં બોમ્બ નથી... જગન્નાથજીનાં પ્રસાદનાં જાંબુ જ છે...!

સમસ્ત જણસારી સમાજ બાળ સન્માન અને જીવનસાથી પસંદગી પત્રિકા યોજશે

ગાંધીનગર, તા. ૯

સમસ્ત જણસારી સમાજના ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવશે તથા સર્વ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથીની પસંદગી માટે 'સર્વજ્ઞાતિ જીવનસાથી પત્રિકા'નું આયોજન કરશે.

જણસારી સમાજના ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા અને સારૂ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે પ્રથમ દ્વિતીય અને તૃતીય પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાની અરજી ૩૧મી જુલાઈ સુધી સંસ્થાને મોકલી દેવા કન્વીનર એમ.કે. ચૌહાણે જણાવ્યું છે. તથા 'સર્વજ્ઞાતિ જીવનસાથી પત્રિકા' સંદર્ભે અપરિણીત યુવક યુવતીઓ પાસેથી અભ્યાસ, ઉંમર, અનુભવ વગેરેની જરૂરી માહિતી નોંધાવવા પણ જણાવ્યું છે. આ ત્રિમાસિક પત્રિકામાં આજે તા. ૧૦મી જુલાઈએ અષાઢી બીજના શુભારંભે નોંધણી કરાવનારને વિગતોની એક માસ માટેની નોંધણી મફત કરવામાં આવશે.

વિધાસહાયકોની ભરતીમાં હવે નોકરીયાતોને દૂર રાખવા માંગ

અમદાવાદ, તા.૦૯

લાંબા સમય બાદ રાજ્ય સરકાર દ્વારા વિધાસહાયકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ ભરતી પ્રક્રિયામાં જે યુવાનો હાલમાં વિધાસહાયક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમને બાકાત રાખવા માટે નોકરીવાંચ્છુઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે. આ માટે મોટી સંખ્યામાં ઉમેદવારોએ આજે ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહી ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હતી. વિધાસહાયકની ભરતી માટે અરજી કરનારા રાજ્યભરના ઉમેદવારોનું એક પ્રતિનિધી મંડળ આજે ગાંધીનગર આવ્યું હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ વિભાગના નિયામક આર.સી. રાવલને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં માંગ કરવામાં આવી હતી કે તાજેતરમાં યોજાનાર વિધાસહાયકોની ભરતીમાં રાજ્યમાં અનેક બેકાર યુવાનોએ અરજી કરી છે.

ગુજરાતી લેખનના બે અદભૂત પાસા

સાહિત્ય અને પત્રકારત્વ પર પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત પ્રેસ અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે ૧૩મી જુલાઈએ ૧૦ કલાકે ગુજરાતી લેખનના બે અદભૂત પાસા સાહિત્ય અને પત્રકારત્વ વિષય પર પરિસંવાદ યોજાશે.

ગાંધીનગરના બ્રહ્માણી કૃપા હોલ, કડી ફાર્મસી કોલેજ કંપાઉન્ડ, સેકટર-૨ ઉમાં ૧૩મીએ સવારે ૧૦ કલાકે પરિસંવાદ યોજાશે. ગુજરાત પ્રેસ અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે ગુજરાતી લેખનના બે અદભૂત પાસા સાહિત્ય અને પત્રકારત્વ વિષયક પરિસંવાદમાં જાણીતા વકતા દોલતભાઈ ભટ્ટ 'ગુજરાતી લેખનમાં ઐતિહાસિક બાબતોનું રસપ્રદ નિરૂપણ એક આગવી લેખન શૈલી' વિષય પર અને ડૉ. ચંદ્રકાન્ત મહેતા 'વર્તમાન યુગમાં ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ સિક્કાની બે બાજુ' વિષય પર વકતવ્ય આપશે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ગુરુવારે બેઠક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તા. ૧૧મી જુલાઈ ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલયમાં સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે ચાર વાગે મળશે. આ બેઠકમાં સન્માન સમારંભ અંગે થયેલ કામગીરીની જાણકારી આપવામાં આવશે. મંત્રી ડી.પી. સંઘાણીએ હાજર રહેવા જણાવેલ છે.

ગાંધીનગર ગ-૬ સર્કલે રાષ્ટ્રીય વિદ્યાર્થી દિન ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા.૯

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગત રોજ સંગઠનને ૬૪ વર્ષ પૂર્ણ થતાં રાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ ગ-૬ સર્કલ, ગાંધીનગરમાં ઉજવાયો હતો. એ.બી.વી.બી.સ્થાપના દિન પ્રસંગે ૧૫થી પણ વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે એ.બી.વી.પી.ના કાર્યકર્તાઓએ સૂત્રોચ્ચાર કરીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. ગુજરાત પ્રદેશ સંચાલન મંત્રી વિરલભાઈ બોરીસાગર અને પ્રદેશ કારોબારી સદસ્ય ફાલ્ગુનભાઈ મિસ્ત્રી હાજર રહ્યા હતા. પરિષદના કાર્યકર્તા ધવલભાઈ ડોડિયા અને કિશનસિંહ રાઓલની આગેવાની હેઠળ કાર્યક્રમ સફળ રીતે ઉજવાયો હતો.

આદર્શ નિવાસી અ.જા. કન્યા શાળામાં કાલિદાસ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ઉમાં આવેલી આદર્શ નિવાસી અ.જા. કન્યા શાળામાં અષાઢ માસના પ્રથમ દિવસે સંસ્કૃત વિદ્ મહાન સાહિત્યકાર મહાકવિ કાલિદાસની જયંતિ ઉજવવામાં આવી હતી. શાળાની ૯૭ જેટલી વિદ્યાર્થિનીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વર્ષાગીત, વાર્તાકથન, અભિનયગીત, ભજન, વક્તવ્ય વગેરે રજૂ કર્યા હતા.

અષાઢ માસનો પ્રથમ દિવસ મહાકવિ કાલિદાસની જન્મ જયંતી તરીકે આદર્શ નિવાસી અ.જા.કન્યા શાળામાં ઉજવાઈ ગયો. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને શાળાના આચાર્ય કે.એમ. ચૌહાણના પ્રાસંગિક ઉદબોધનથી થઈ હતી. આ પ્રસંગે શાળા પરિવારના રંજનાબેન ગુપ્તાએ કવિશ્રીના જીવન તથા વી.સી. ઉપાધ્યાયએ કવિશ્રીની કૃતિઓ વિશેનો પરિચય વિદ્યાર્થિનીઓને આપ્યો હતો. શાળાની ૯૭ વિદ્યાર્થિનીઓએ કુલ ૬૧ કૃતિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્ષાગીતમાં ૨૩, કાવ્યપઠનમાં ૨૪, વાર્તા કથનમાં ૪, જોક્સમાં ૫, અભિનયગીતમાં ૧, જોડકણામાં ૧, વકતવ્યમાં ૧, ભજનમાં ૨, વિદ્યાર્થિનીઓએ સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અમિતાબેન પરમારે તથા આભારવિધિ એસ.સી. પટેલે કરી હતી.

જે.એમ. ચૌધરી વિદ્યાલયની કન્યાઓ ઉત્તરાખંડની મદદે

ગાંધીનગર, તા. ૯

એનસીસીનું મહત્વ સમજાવવા માટે મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જી-સીઆઈ સોનલબેન, પી.આઈ સ્ટાફ, નવીનકુમાર અને બોઝ સાહેબ હાજર રહ્યા હતા.

શાળાની એનસીસીની પ્રથમ વર્ષ અને બીજા વર્ષની વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાખંડની કુદરતી આપત્તિ માટે આચાર્યા સંતોકબેન ચૌધરીના હસ્તે ફાળો અર્પણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ક્રિખાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્યા સંતોકબેન હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વિશ્વ વસ્તી દિન નિમિત્તે ચૌધરી વિદ્યાલયમાં વકૃતત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

આરોગ્ય વિભાગ ગાંધીનગર તથા સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જે.એમ. ચૌધરી શાળા ગ્રાન્ટેડ વિભાગમાં વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી. વસ્તી વિસ્ફોટ ૧૧મી જુલાઈ વિશ્વ વસ્તી દિન નિમિત્તે આ વકૃતત્વ સ્પર્ધા રાખેલ હતી. જેમાં પ્રગતિ એચ. ચૌધરી, પ્રાયોશા જે વાઘેલા, પ્રતિજ્ઞા એસ. બારોટ વિજેતા બન્યા હતા.

સિવિલ હોસ્પિટલના ડૉ. કૌશલ તથા સ્ટાફ હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું. આચાર્યશ્રીએ અભિનંદન પાઠવેલ હતા.

સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટે નોટબુક વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૯

સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં શાળાના બાળકોને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના મહામંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે શાળાના બાળકોને શૈક્ષણિક સવલત પૂરી પાડવાના ભાગરૂપે ચાલુ વર્ષે ગાંધીનગર સેકટર-૮ની સરકારી શાળા, ઈન્દ્રોડા ગામની બે પ્રાથમિક શાળાઓ તથા વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાના જરૂરીયાતમંદ બાળકોને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૧માં વસતા શ્રમજીવી વર્ગના બાળકોને સંસ્થાના મંત્રી દ્વારા મફત શિક્ષણ ટયૂશન પણ અપાઈ રહ્યું છે.

જીવનનો પર્યાય ગતિ છે, ગતિ પાછળની શક્તિ પાણી છે, જેમ ચાલતી સાયકલ આપણને ગતિ આપે છે તેમ વહેતું પાણી વાતાવરણ, જમીન અને સમગ્ર માનવ પર્યાવરણને ગતિશીલ રાખે છે

ચિંતન સભા

પ્રા. ડો. રાકેશ પટેલ

ટી.વી.ની જાહેરાતમાં ઢગલો રૂપિયા લઇને દેખાતી નટી હાથમાં પીણાની બોટલ લઇને માદક અદાઓ સાથે આપણને કહેતી હોય છે : 'સજ્જનો! આ બોટલમાં જે કંઇ છે તેના કરતાં હું.... શ્રેષ્ઠ છું, મારી આગળ આ પીણું કંઇ નથી, સૌંદર્ય ક્યાં? અને આ મદ્ય ઝરતું પીણું ક્યાં? છતાં આ જ પીણું પીવો અને પછી...!' પાણીનું આનાથી મોટું અપમાન શું હોઇ શકે? હજારો ગેલન પાણીથી બનતા આ પાણી બનાવતી કંપનીઓ પાણીના નવાનવા સ્રો શોધતી જ હોય છે. ૯૦% નફો લૂંટી આ મહાકાય કંપનીઓ પાણીનો નાશ કરે છે અને યુવા પેઢીને ગેરમાર્ગે દોરે છે. પરંતુ શિક્ષિત યુવા પેઢીએ આ બાબતે સંશોધન કરવા જેવું છે.

(www.articles.mercola.com/sites/articles/.../the-dirty-truth-behind-coca-cola.sap...)

આપણા મગજની નસો અને શરીરની ચામડી વધુ જાડી થવા જઇ રહી છે. પાણીના વેડફાટથી બનતા આ 'પીણા' ખરેખર આપણી પાણીની સમસ્યાથી સમાજને વિમુખ કરે છે. જેની અસર સમાજની ઉગતી પેઢી ઉપર સૌથી વધુ થાય છે. આ જાહેરાતો મનની વિચારશૈલીને ડોલાવી દેતી ડાકણ સમાન છે.

બેંકમાં જમા કરેલ રૂપિયાને જ મૂડી માનતા સમાજનું આયુષ્ય કેટલું? મામાનું ઘર કેટલે? સાચી વાત કહેવા માટે પણ પાણી જોઇએ. અરે! પાણીની મૂડી જો ખૂટી પડશે તો બેંકની મૂડી આપતા પણ પાણી વિના ટળવળવું પડશે. (ઉત્તરાખંડની ત્રાસદીમાં ઘણા લોકોએ પાંચસો અને હજાર રૂપિયે પાણીની બોટલ મેળવી હતી.) ઋષિઓ હજારો વર્ષો પહેલાં પ્રકૃતિના તત્વોને દેવતા સ્વરૂપે પૂજીને કોઇ મૂર્ખામી કરતા હતા શું? તેમને ન સમજતા આપણે કદાચ મૂર્ખ છીએ. એક સમયે પાણીને જલદેવતા, તુલસીને માતા, ગંગાને મૈયા, ગાયને માતા અને સૂરજને દાદા કહેનારો સમાજ આજે પાણીના મૂલ્યને ભૂલશે તો કાલે જયારે તેની અછત હશે ત્યારે કયા મોઢે તેની પાસે જઇશું?

હવે સમયની માંગ છે પાણીના ગણિતને સમજવાની. કુલ પાણીનાં (332.5 million cubic miles) જથ્થામાંથી ૯૬ ટકા પાણી સમુદ્રમાં છે. બાકીમાં ૪ ટકા



શુદ્ધ પાણીમાંથી ૬૮ ટકા તો બરફ અને ગ્લેશિયર રૂપે અન્યત્ર સ્થિર છે. બાકીનું ૩૦ ટકા (22,300 cubic miles) પાણી ભૂમિસ્થ છે. પીવા લાયક પાણી વગર માણસ ક્યાંયનોય નહીં રહે. જેમ નિગ્રહ વિનાનો માણસ તપથી દૂર થઇ જાય.

જીવનનો પર્યાય ગતિ છે. ગતિ પાછળની શક્તિ પાણી છે. જેમ ચાલતી સાયકલ આપણને ગતિ આપે છે તેમ વહેતું પાણી વાતાવરણ, જમીન અને સમગ્ર માનવ પર્યાવરણને ગતિશીલ રાખે છે. આ પાણીની સાયકલને Hydrologic cycle અથવા H_2O cycle કહેવામાં આવે છે. પાણીની આ ગતિ દરમિયાન તેને નવા નવા રૂપ મળે છે. જે પ્રવાહી, ઘન અને વાયુ (liquid, solid (ice), and vapor) સ્વરૂપ ધારણ કરે છે.

પાણીને પણ સંચાલિત કરનાર સૂર્ય છે. માટે તો સૂરજ દાદા!

જે સમાજે અને વ્યક્તિએ વિચારવાનું છોડી દીધું છે તે આજે નહીં તો કાલે મુવો (મરેલો) જાણવો! આપણે એમ માનીએ છીએ કે પાણી આપવાની સંપૂર્ણ જવાબદારી સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનની છે, તો સામે છેડે પાણીનો યોગ્ય ઉપયોગ કરવાની જવાબદારી તો આપણી છે. આપણી પ્રત્યેક ક્ષણ જળમય હોય છે. જેમ કે, બોલવાનું તો જ શક્ય બને જો ગળામાં ભીનાશ હોય, ભોજન પાણી વિના બનાવી શકાય ખરૂં? અનાજનું ઉત્પાદન પાણી વિના અશક્ય, વાતાવરણમાં ભેજ ન હોય તો તે માનવ મૃત્યુની સમીપે પહોંચ્યો સમજો. સાચી વાત એ છે

જળમંદિર કે જળસમાધિ?

કે પાણી અનંત રૂપે આપણી આસપાસ વિલસી રહ્યું છે. તેને સન્માન પૂર્વક સાચવવાનું છે. એક જોડ કપડાં ઓછા લેવા કે લગ્નમાં અન્નનો બગાડ અટકાવવો એ પણ પાણીના કોઇને કોઇ સ્વરૂપને બચાવવા સમાન છે.

સૌથી વધુ પાણીનો ઉપયોગ ખેતીમાં (૭૦ ટકા) થાય છે. ત્યાર બાદ ઉદ્યોગોમાં અને ત્યાર પછી માનવ જીવનની તમામ જરૂરિયાતોમાં.

સમાજ પાસે બે જ વિકલ્પ છે, એક છે જળને મંદિરના દેવ માની સુરક્ષા અને પૂજા કરવાનો અને બીજો ક્રૂર ગેરસમજને કારણે નિર્દોષ જળ સમાધિ (આત્મહત્યા કરવાનો) લેવાનો. ડૂબવાનું નક્કી છે જો પાણી માટે પણ દીકરા કે દીકરીની કારકિર્દી માટે જેમ વિચારીએ છીએ તેમ નહીં વિચારીએ તો વાત ખલાસ! આશા અમર છે. માણસ જો એક વાર મનથી સંકલ્પ કરી લે છે તો કશું જ અશક્ય નથી.